મહત્તમ : ૩૦.૪ ડીગ્રી
લઘુતમ : ૭.૬ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૫૦ ટકા

ગાંધીનગર તાપમાન

ઓપરેશન મામલે સર્જીકલ ઓટીમાં હોબાળો

દર્દીએ આખરે ખાનગી દવાખાનામાં ઓપરેશન કરાવ્યું

ગાંધીનગર,તા.૨

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી દ્વારા સંચાલિત હોસ્પિટલમાં આરોગ્યલક્ષી સારવારમાં વધારો કરાયો છે. રોજના હજજારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં આવે છે. ત્યારે કેટલાક દર્દીઓને કડવા અનુભવ પણ ડોકટર તેમજ સ્ટાફ દ્વારા થતા હોય છે. ત્યારે આ પ્રકારને જ એક કડવો અનુભવ દર્દીને થવા પામ્યો છે. જેમાં પ્રાપ્ત માહીતી મુજબ ગાંધીનગર સિવિલમાં હોસ્પિટલના ત્રીજા માળે આવેલ સર્જીકલ ઓટીમાં આજે બપોરના સમયે ઓપરેશન મામલે દર્દીના સગાઓએ હોબાળો મચાવ્યો હતો. સિવિલમાં સર્જીકલ વિભાગમાં ૧૭ વર્ષીય દર્દી દાખલ હતો. જેને એપ્રેન્ડીક્સનું ઓપરેશન કરવાનું હતું. ઓપરેશન માટે દર્દી છેલ્લા બે દિવસથી ભુખ્યો તરસ્યો રહ્યો હતો. ત્યારે આજે સવારે ઓપરેશન થિયેટરમાં લઈ ગયા પછી બપોરના ૩ કલાકે અચાનક ઓપરેશન નહીં થાય તેમ કહેતા દર્દીના સગાઓએ હોબાળો મચાવ્યો હતો. ત્યારબાદ આખરે દર્દીને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હતો અને ત્યાં દર્દીના સગાઓએ ઓપરેશન કરાવ્યું હતું. પરંતુ સિવિલમાં ઓપરેશનને લઈને એડમીટ થયેલા મધ્યમવર્ગના પરિવારના દર્દીઓને આ પ્રકારની હેરાનગતિનો સામનો કરવો પડે છે તે અત્યંત દુખની બાબત છે. ત્યારે આ પ્રકારની ઘટના તો સિવિલમાં આંતરે દિવસે બનતી હોય છે તેમ સિવિલના અંતરંગ સુત્રોમાંથી જાણવા મળે છે.

આઈટીઆઈ ખાતે મેગા એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન

ગાંધીનગર,તા.૨

ઔધોગીક તાલીમ સંસ્થા (આઈટીઆઈ) ગાંધીનગર ખાતે કલેકટર કચેરી ગાંધીનગરના સહયોગથી આગામી તા. ૫ જાન્યુઆરીને શનિવારના રોજ મેગા એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ ક્ષેત્રની નામાંકિત કંપનીઓ દ્વારા જુદા જુદા ટ્રેડમાં એપ્રેન્ટીસની ભરતી કરવાની છે. આથી એપ્રેન્ટીસ તરીકે જોડાવવા ઈચ્છુક ધોરણ-૮ પાસથી સ્નાતક, આઈટીઆઈ, ડિપ્લોમાં, તથા ડીગ્રી એન્જીનિયરીંગ પાસ ઉમેદવારોને આ એપ્રેન્ટીસ ભરતી મેળામાં ભાગ લેવા જરૂરી પ્રમાણ પત્રો સાથે તા. ૫ જાન્યુઆરીનેના રોજ સવારે ૧૦ કલાકે હોસ્ટેલ બિલ્ડીંગ, ઔધોગીક તાલિમ સંસ્થા સેકટર-૧૫ ગાંધીનગર ખાતે હાજર રહેવા જણાવાયું છે.

સ્વામી વિવેકાનંદ યુવા મંચની ૨૨મી શિબિર

ગાંધીનગર, તા.૨

સમાજના યુવાનોનો બોધ્ધિક વિકાસ થાય તે ઉપરાંત સમાજના ઉત્તાન માટે અને યુવા સંગઠન મજબુત થાય તે હેતુંથી શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામ પ્રેરીત સ્વામી વિવેકાનંદ યુવામંચની ૨૨મી શિબિર તા. ૬ જાન્યુઆરીને રવિવારના રોજ અંબાજી ગિયોડ ખાતે સવારે ૮.૩૦ કલાકે યોજાશે. જેમાં તજજ્ઞો દ્વારા યુવાનોને જીવન ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવશે. સમાજના યુવાન ભાઈ બહેનોએ સવારે ૮.૩૦ કલાકે અચુક હાજર રહેવા યુવામંચના કન્વીનર જશુભાઈ ગુર્જર જણાવ્યું છે.

ગાંધીનગરની રોટરી કલબ દ્વારા 'બી ધ ઈન્સ્પિરેશન' થીમ આધારિત શહેરના મોટિવેશનલ ટ્રેનર જે.સી. પટેલના વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વકતવ્યમાં તેમણે પોતાની જીવન સંઘર્ષ કથની પ્રસ્તુત કરી હતી. આ પ્રસંગે રોટરી કલબના રાહુલ મહેતા, જસવંત ગાંધી એચ.એમ. પટેલ, નિલેશ ગાંધી, દિલીપ પટેલ, સુરેશ પટેલ સહિત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના વકતાને શુભેચ્છા ભેટ આપી સન્માનવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન સંસ્થાના પ્રમુખ અનંત પટેલ તથા સેક્રેટરી ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરમાં ચાઈનીઝ તુક્કલ અને દોરીના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના મહેસુલી વિસ્તારમાં ઉત્તરાયણના તહેવાર દરમ્યાન સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) તેમજ ચાઈનીઝ માંઝા/ પ્લાસ્ટિક દોરીના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ ઉપર એક જાહેરનામું બહાર પાડીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગર શ્રી એચ.એમ. જાડેજાએ પ્રતિબંધ ફરમાવ્યો છે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગરે જાહેરનામામાં વધુમાં જણાવ્યું છે કે, સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ), ચાઈનીઝ માઝા/ પ્લાસ્ટિક દોરી, નાયલોન અને અન્ય સિન્થેટીક માંઝા તેમજ સિન્થેટીક પદાર્થની કોટીંગ કરેલી હોય અને નોન-બાયોડીગ્રેબલ હોય તેવી દોરી- ચાઈનીઝ માંઝાના ઉત્પાદન, વેચાણ તેમજ વપરાશ કરવા પ્રતિબંધ છે. ચાઈનીઝ માંઝા, નાયલોન, પ્લાસ્ટિક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલી દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મુક્યો છે. જાહેર રસ્તા તેમજ ભીડભાડ વાળા વિસ્તારો તથા ટ્રાફિક વ્યવસ્થા તેમજ લોકોના અવર જવરના રસ્તાઓ ઉપર અડચણરૂપ થાય તે રીતે પતંગ ચગાવી શકાશે નહી. તેમજ લાકડી કે તેના જેવા અન્ય ઔઝાર ઉપર કાંટાળા ઝાડના ડાળા કે અન્ય પદાર્થો બાંધી કે ઝંડા બનાવી કે બીજી કોઈ પણ રીતે જાહેર રસ્તાઓ ઉપર આવવા પર પણ પ્રતિબંધ મુક્યો છે. પતંગ ઉપર કોઈ બિભત્સ પ્રકારના લખાણો, ધાર્મિક લાગણી દુભાય તેવા કોઈ ઉશ્કેરણી જનક લખાણો લખી શકાશે નહી.

આ જાહેરનામું તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૧૯ સુધી અમલમાં રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર સામે કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મધુર ડેરી દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર સ્થિત મધુર ડેરી દ્વારા જિલ્લાની તમામ દુધ મંડળીઓના માજી ચેરમેન તથા મધુર ડેરીના અત્યાર સુધીના તમામ નિયામક મંડળના ડિરેકટરનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જેમાં માજી ચેરમેન અને ડીરેકટરોનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું.

નવા વર્ષના પ્રથમ દિવસે ગાંધીનગર શહેરના સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે યોજાયેલા કાર્યક્રમનો પ્રારંભ સ્મિત મ્યુઝીકના સંગીત સંધ્યાથી કરવામાં આવ્યો હતો. આ સમારોહમાં ઉપસ્થિત મધુર ડેરીના ચેરમેને લાગણીસભર શબ્દોમાં સૌ પૂર્વ ચેરમેન તેમજ નિયામકોનો આભાર વ્યકત કર્યો હતો. ૪૮ માં વર્ષના પ્રારંભે મધુર ડેરીનો આ પ્રથમ કાર્યક્રમ છે. જયારે આજ સુધીના તામામ દુધ મંડળીઓના ચરેમેનો તથા મધુર ડેરીના ડીરેકટરોને સન્માનવામાં આવ્યા હતા. મધુર ડેરી એક મજબુત વટવૃક્ષ બની પ્રગતિ કરી રહી છે. તેનો શ્રેય ઉપસ્થિત તમામ આગેવાનોને ફાળે જાય છે. તેઓએ વધુ જણાવતા કહ્યું કે હાલના મધુર નિયામક મંડળની વહીવટી કુશળતા અને તમામ દુધ મંડળીઓના ચેરમેનના વિશ્વાસને જોતા મધુર ડેરી આગામી ૨૦૨૦માં એક હજાર કરોડના ટર્નઓવરને પાર કરશે. તેઓએ મહિલા ચેરપર્શનઓનો વિશેષ ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે મધુર ડેરી મહિલા સશકિતકરણની ભાવનાને ઉજાગર કરવામાં માને છે. મધુર ડેરીની ૪૦ ટકા દુધ મંડળીઓ માત્ર મહિલા સંચાલિત છે એનુ મને ગૌરવ છે. સંસ્થાના મેનેજીંગ ડીરેકટર મનોહરસિંઘ ચૌહાણે જણાવ્યું હતું કે મધુર ડેરી પશુપાલકોને દુધના ભાવ આપવામાં સૌથી અગ્રેસર રહી છે. આગામી નવા વર્ષોમાં ડેરી પ્લાન્ટ અને શાકભાજી પ્રોજકટનું સઘન અમલીકરણ કરી પુરા દેશના સહકારી ક્ષેત્રને એક ઉદાહરણ પુરુ પાડશે. તેમણે મધુર ડેરીના વર્તમાન ચેરમેન શંકરસિંહ રાણા અને નિયામક મંડળના ડીરેકટરોના સુચારુ વહીવટની પ્રસંશા કરી આભાર વ્યકત કર્યો હતો. આ સ્નેહમિલન સમારોહમાં મોટીસંખ્યામાં ડેરીના કર્મચારી ભાઈ બહેનો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના પ્રોકયોરમેન્ટ મેનેજર હંસાબેન પટેલે કર્યું હતું.

થર્ટી ફર્સ્ટે મીડવે ગૃપની ભજન સંધ્યા યોજાઈ

ગાંધીનગરના મીડવે ગ્રુપ દ્વારા 'થર્ટી ફર્સ્ટ'ની ઉજવણી ભારતીય સંસ્કૃતિ અનુસાર 'એક કદમ સંસ્કૃતિ કી ઓર' શિર્ષક હેઠળ ભજન સંધ્યા સાથે કરવામાં આવી હતી. આ ભજન સંધ્યામાં ગાંધીનગરના ઉત્તર વિધાનસભા બેઠકના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ પણ ભજનો ગાઈને યુવાનોને દંગ કર્યા હતા. આજના યુગમાં યુવાનો જયાં પાશ્ચાત્ય સંસ્કૃતિના અનુકરણમાં ડાન્સ પાર્ટી તેમજ નશીલા પદાર્થોના સેવનના રવાડે ચઢી જતા હોય છે ત્યારે તેમને અવળા માર્ગથી અટકાવવા માટે મીડ વે ગ્રુપ દ્વારા થર્ટી ફર્સ્ટની રાત્રે ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંજયસિંહ રાઠોડ, કિરપાલસિંહ ચાવડા, કલ્પેશ શેઠ અને ટીમ દ્વારા ભજનો તેમજ લોકસાહિત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ડૉ. સી.જે. ચાવડા ઉપરાંત ગુજરાત ક્ષત્રિય સભાના પ્રમુખ કરણસિંહ ચાવડાએ પણ ભજનો ગાયા હતા. કાર્યક્રમમાં પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, શહેર રાજપૂત સમાજના પ્રમુખ એલ.કે. વાઘેલા, રાષ્ટ્રીય કરણી સેનાના રાજ શેખાવત સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર જિલ્લા દલિતસેનાના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર જિલ્લા દલિત સેનાની તાજેતરની બેઠકમાં નવા વર્ષના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે. જેમાં પ્રમુખ તરીકે બાબુભાઈ મેસરવાલા, મહામંત્રી ગુલાબચંદ પટેલ તથા દિનકરભાઈ પરમાર, ઉપપ્રમુક પદે ગોવિંદભાઈ આઈ. પરમાર, દાનાભાઈ મિસ્ત્રી, અંબાલાલ વાઘેલા, મણીલાલ શ્રીમાળી, મહેન્દ્રભાઈ પરમાર તથા જયંતિલાલ છત્રારીયા વરાયેલ છે. સહમંત્રી તરીકે રમેશભાઈ વાણીયા, મહેશભાઈ પટેલ, સંગઠનમંત્રી તરીકે હીરાભાઈ વણકર, પી.એમ. પરમાર, રમણભાઈ પરમાર, કે.એચ. મેસરવાલા, મોહનભાઈ બાલુવાકર, ખજાનચી તરીકે મગનભાઈ વાઘેલા, કારોબારી સભ્ય તરીકે ભરતભાઈ મેવાડા, ભરતભાઈ આસોડિયા, બાબુભાઈ પરમાર, રમણભાઈ હરોગોવનભાઈ ડોડિયા, જીવણભાઈ પરમાર ચૂંટાયા છે.

જયારે કલોલ તાલુકા પ્રમુખ તરીકે રમણભાઈ ડી. પરમાર (સરઢવ), ગાંધીનગર તાલુકા પ્રમુખ તરીકે દાનાભાઈ કે. મિસ્ત્રી, ગાંધીનગર શહેર પ્રમુખ તરીકે વિપુલભાઈ પી. ડોડિયા, દહેગામ તાલુકા પ્રમુખ તરીકે કરશનભાઈ સોલંકી, ચાંદખેડા પ્રમુખ તરીકે અશ્વિનભાઈ એમ. પરમાર, ગાંધીનગર શહેર મહિલા પ્રમુખ તરીકે પુષ્પાબેન પી. ડોડિયા, કલોલ તાલુકા મહિલા પ્રમુખ તરીકે શાંતાબેન એમ. ઠાકોર વગેરેની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે.

'પબ્જી' ગેમના રવાડે ચઢેલાં બે બાળકો હોસ્પિટલમાં દાખલ...!!

ઓનલાઈન ગેમ્સના વ્યસની બનતા બાળકો-યુવાનોથી મા-બાપ ચિંતિત : કેટલીક ગેમ્સ 'આત્મહત્યા' સુધી દોરી જાય છે તો કેટલીક હોસ્પિટલ ભેગાં કરે છે : સમાજ માટે લાલબત્તી સમાન ઓનલાઈન ગેમીંગનો ગાંડો ક્રેઝ...!!

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના બાળકોમાં ઓનલાઈન ગેમ 'પબ્જી'ના ક્રેઝ એટલો વધી ગયો છે કે કુડાસણ વિસ્તારના બે બાળકોને હોસ્પિટલ લઈ જવા પડયા છે. જયારથી સ્માર્ટ ફોન બજારમાં આવ્યા છે અને તેમાં પણ ઈન્ટરનેટના સસ્તા દર થયા છે ત્યારથી તેના ઉપયોગ કરતા દુરૂપયોગ વધી ગયો હોય તેવું જણાય છે અને રોજ નીતનવી ગેમ્સ મા-બાપ માટે માથાનો દુઃખાવો બનીને આવે છે એટલું જ નહી પરંતુ આ રમતોના વ્યસની બની જતા બાળકોના માત્ર અભ્યાસ કે કારકિર્દી જ નહી પરંતુ કયારેક જીંદગી પણ જોખમમાં મુકાઈ રહી છે, વળી, આ રમતના કારણે બાળકો જુઠું બોલતા પણ થઈ રહ્યા છે જે સમાજ માટે લાલબત્તી સમાન છે.

છેલ્લા કેટલાક સમયથી મોબાઈલ પર 'પબ્જી' ગેમનો પ્રભાવ વધી જવા પામ્યો છે અને બાળકોથી માંડીને યુવાનો સુધ્ધાં આ રમતના બંધાણી બની રહ્યા છે. ગાંધીનગરમાં આવા જ બે બાળકો 'પબ્જી' ગેમમાં એટલી હદે ડુબી ગયા છે કે તેમને તેના ક્રેઝમાંથી બહાર લાવવા હોસ્પિટલ લઈ જવા પડયા છે. 'પબ્જી' રમતના ક્રેઝમાં બાળકો તેમના અભ્યાસ ઉપરાંત ભોજન સુધ્ધાં દાવ પર લગાડી રહ્યા છે અને રમતમાં એટલા ગળાડૂબ થઈ જાય છે કે આસપાસમાં કોણ છે, કોઈ શું કરે છે તે સુધ્ધાં તમામ બાબતોથી તદ્દન અજાણ રહે છે અને તેમની માનસિકતા પર તેની ઘેરી અસર પડી રહી છે. વળી તેમાં સફળના થવાથી કે પાછળ પડી જવાની ભીતિએ નકારાત્મક માનસિકતાનો ભોગ બની રહ્યા છે જેને કારણે તેમનો સ્વભાવ ચિડીયો અને ગુસ્સાખોર બનતો જાય છે જેથી મા-બાપ માટે અત્યંત ચિંતાજનક પરિસ્થિતિ સર્જાવા પામી રહી છે.

કેવી રીતે રમાય છે 'પબ્જી'?

'પબ્જી' રમતમાં એકથી વધુ ખેલાડીઓ ટીમ બનાવીને 'ઓનલાઈન' રમે છે તેથી તેઓ એકબીજાથી દૂર હોવા છતાં રમતને રમી શકે છે અને તેમાં ટીમના ખેલાડીઓ એક બીજા સાથે રમત રમતા વાતચીત પણ કરી શકે છે. 'પબ્જી' રમતમાં છુપા આતંકવાદીઓ જેવા ટાર્ગેટને શોધી તેનો સફાયો કરવાનો હોય છે. એટલે એક રીતે આ હિંસક વૃત્તિને પોષતી રમત છે.

.... તો મારી વાટ લાગી જશે...!!

થોડા દિવસ પૂર્વે જ સે-૭માં એક મોબાઈલ રીપેરીંગની દુકાને એક સંપન્ન ઘરનો લાગતો છોકરો તુટેલો મોંઘો મોબાઈલ લઈને આવ્યો અને કહ્યું કે, 'કાકા, આને જલ્દી રીપેર કરી આપોને, ભલે જેટલા પૈસા થાય' આ સાંભળી રીપેરીંગ વાળાએ પુછયું કે 'કેમ શું થયું?' તો છોકરાએ કહ્યું કે 'પબ્જી રમતા નેટ સ્લો હતું તેથી સામેવાળો મરતો નહોતો, એટલે મને ગુસ્સો આવ્યો અને મોબાઈલ પછાડયો તો તુટી ગયો હવે પપ્પાને ખબર પડશે તો મારી વાટ લાગી જશે.'

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ રાજયના શિક્ષણ વિભાગ દ્વારા 'મોમો ચેલેન્જ' ગેમ માટે ચેતવણીરૂપ સર્કયુલર જારી કરવા પડયા હતા. અગાઉ પણ પોકોમોન ગો, બ્લ્યુ વ્હેલ, કીકી ચેલેન્જ જેવી ગેમ્સના દુષ્પરિણામોના કિસ્સા અસંખ્ય જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત યુવાનોની લ્યુડો અને તીનપત્તી જેવી રમતોના સહારે જુગારના રવાડે ચઢી જવાની ફરિયાદો પણ ઉઠવા પામી હતી. હવે, 'પબ્જી' નામની રમતે બાળકો-યુવાનોના માનસનો ભરડો લીધો છે જે ચિંતાજનક સ્થિતિએ પહોંચી રહ્યો છે ત્યારે સરકારી તંત્રએ આ બાબતે સત્વરે પગલાં લેવાય તેવી ભાવના જનમાનસમાં પ્રવર્તતી જોવા મળી રહી છે.

સ્ટેટ વાડોકાઈ કરાટેમાં ગાંધીનગરને ૩૦ ગોલ્ડ મેડલ

ગાંધીનગર, તા.૨

તાજેતરમાં ગાંધીનગરનાં રાયસણ સ્થિત સ્વર્ણિમ સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે રાજય કક્ષાની વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનની ગુજરાત બ્રાન્ચ દ્વારા રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર અને વૈદિક પરિવારનાં સહયોગથી આ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ગાંધીનગર સહિત અમદાવાદ, મહેસાણા, સાબરકાંઠા, પાટણ, આણંદ, સુરેન્દ્રનગર, ભાવનગર, જૂનાગઢ અને જામનગર જિલ્લાનાં ૪૩૨ ચુનંદા ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં ગાંધીનગરની ટીમ ૩૦ ગોલ્ડ મેડલ્સ સાથે પ્રથમ સ્થાને રહી હતી જયારે દ્વિતીય સ્થાને રહેલ આણંદ જિલ્લાની ટીમે ૨૫ ગોલ્ડ મેડલ્સ મેળવ્યા હતા.

આ સ્પર્ધામાં પ્રથમ સત્રનાં મેડલ્સ એનાયત કરવાના સમારોહમાં ભારત સરકારનાં કૃષિ રાજ્ય મંત્રી પરસોત્તમભાઈ રૂપાલા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. તેમની સાથે ગુજરાત સરકારનાં પૂર્વ મંત્રી રજનીકાન્તભાઈ રજવાડી, રોટરી ક્લબ ઓફ કેપિટલનાં સ્થાપક પ્રમુખ જગતભાઈ કારાણી, પ્રેસિડન્ટ ઈલેક્ટ ડૉ. અંકુરભાઈ પરમાર, વૈદિક પરિવારનાં મેનેજીંગ ટ્રસ્ટી મહેન્દ્રભાઈ ગાંધી રેડીયન્ટ સ્કુલ ઓફ સાયન્સનાં મેનેજીંગ ટ્રસ્ટી જે. ટી. છનીયારા ઉપસ્થિત રહ્યાં હતા. મહાનુભાવોની ઉપસ્થિતિમાં કેટલીક ફાઈનલ ફાઈટ્સ રમાડવામાં આવી હતી. ફાઈટ્સના અંતે પરસોત્તમભાઈ રૂપાલાનાં વરદ હસ્તે વિજેતા ખેલાડીઓને મેડલ્સ એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે રેન્શી ગૌરાંગભાઈ રાણાનાં માર્ગદર્શનમાં તૈયાર થઈ રહેલા ગાંધીનગરનાં ખેલાડીઓ દ્વારા કરાટેની વિવિધ ટેક્નિક્સનું અને સ્વરક્ષણની વિવિધ ટેક્નિક્સનું રોમાંચક નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

કરાટે એસોસીએશનનાં ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન અરવિંદભાઈ રાણાએ મંચસ્થ અતિથિઓને આવકાર્યા હતા અને તેમને સ્મૃતિચિહ્ન અર્પણ કરી તેમનું સ્વાગત કર્યું હતું. પ્રથમ સત્રનાં સમારોહનાં મુખ્ય અતિથિ તરીકે પરસોત્તમભાઈ રૂપાલાએ પોતાના વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે કરાટેની કળાના અભ્યાસથી બાળકોમાં શિસ્ત, સાહસિકતા, પરાક્રમની ભાવના બળવાન બને છે. કરાટે શીખવાથી શારીરિક શક્તિઓ વિકસિત થાય છે. તેમણે કરાટેમાં ભાગ લેનાર તમામ ખેલાડીઓને આવી કળાને પસંદ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

સ્પર્ધાનાં સમાપન પ્રસંગે ગુજરાત સરકારનાં પૂર્વ મંત્રી અને વાડોકાઈ કરાટેનાં ગુજરાતનાં પ્રમુખ રજનીકાન્તભાઈ રજવાડી ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે વિજેતા ખેલાડીઓને મેડલ્સ એનાયત કર્યા હતા. કરાટે એસોસીએશનનાં ભારતનાં ટેક્નિકલ ડાયરેક્ટર અને વાઈસ ચેરમેન શિહાન અરવિંદભાઈ રાણા તથા રજનીકાન્તભાઈ રજવાડીનાં વરદ હસ્તે ગાંધીનગરની ટીમને ચેમ્પિયન ટ્રોફી અને આણંદની ટીમને રનરઅપ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

સમગ્ર સ્પર્ધાના સફળ સંચાલન માટે ગુજરાતના ૧૦ જિલ્લાઓમાંથી આવેલા ડિસ્ટ્રીક્ટ ડાયરેક્ટર્સ ઉપરાંત ૫૦ જેટલા ટેક્નિકલ નિષ્ણાતોની ટીમે પ્રસંશનીય કામગીરી કરી હતી. બંને સત્રમાં ઉદ્ઘોષક તરીકે રોટેરીયન સુશ્રી જયશ્રીબહેન ખેતિયાએ સેવાઓ પ્રદાન કરી હતી.

મા જગદંબા પ્રાગટય મહોત્સવમાં શતક ભોગ અન્નકૂટ સાથે રકતદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના સેકટર-૧૩ બીમાં જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૨૧મી જાન્યુઆરી સોમવાર પોષી પૂનમ નિમિત્તે શકિત ચોક ખાતે મા જગદંબા પ્રાગટય મહોત્સવ અંતર્ગત શતક ભોગ અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સાથે રકતદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરમાં જય અંબે પરિવાર દ્વારા દર વર્ષે પોષી પૂનમના પવિત્ર દિવસે મા જગદંબાનો પ્રાગટય મહોત્સવ ઉજવવામાં આવે છે. સેકટર-૧૩-બીના શકિતચોકમાં યોજાતા આ મહોત્સવ અંતર્ગત શતક ભોગ અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો પ્રારંભ સવારે ૮ કલાકે મા જગદંબા પૂજનથી કરાશે. પૂજન બાદ ૯ કલાકે અન્નકૂટ અર્પણવિધિ યોજાશે અને ત્યારબાદ ભકિતવંદના, થાળ-ગાન અને 'નવાર્ણ મંત્ર પોથી' વિમોચન યોજાશે. સમાપને માતાજીની મહાઆરતી અને ભોજન પ્રસાદ બાદ ૧૦.૪૫ કલાકે રકતદાન શિબિર યોજવામાં આવશે. જેનું બપોરે ૨ કલાકે ભકિતવંદના સમૂહ સ્વાધ્યાય સાથે સમાપન યોજાશે.

ગાંધીનગર શહેર મોચી સમાજનો ૨૦મીએ સ્નેહમિલન

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેર મોચી સમાજ દ્વારા મંડળની સામાન્ય સભા તેમજ સ્નેહમિલનનું આયોજન તા. ૨૦મી જાન્યુઆરી રવિવારે બ્રહ્માણી હોલ કડી કેમ્પસમાં સવારે નવ વાગે રાખવામાં આવેલ છે. જ્ઞાતિજનોને સહકુટુંબ હાજર રહેવા પ્રમુખ ભગવાનભાઈ ગોહેલે જણાવેલ છે. ધો-૧ તથા ૧૨ના તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કરાશે. સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રાખેલ છે. આ અંગેની માહિતી મહેન્દ્રભાઈ રાઠોડ પ્લોટ નં. ૩૮૨/૨, સેકટર-૨-બી મો. ૯૮૯૮૦૬૭૮૧૩ને તારીખ ૧૦મી જાન્યુઆરી ૨૦૧૯ સુધીમાં પહોંચતી કરવાની રહેશે તથા ભોજન પાસ અગાઉથી મેળવી લેવા પણ જણાવાયું છે.

વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરની ઈ ડીરેકટરીનું લોકાર્પણ કરાયું

ગાંધીનગર, તા.૨

શ્રી વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરની વેબસાઈટ તથા ઈ ડીરેકટરી રજતજયંતિ સમારંભમાં લોકાર્પણ દ્વારા ખુલ્લી મુકાઈ હતી.

આ ઈ ડીરેકટરીમાં અંદાજે ૨૦૦ કુટુંબોની વિગત તથા નાગરજ્ઞાતિનો ગૌરવવંતો ઈતિહાસ, વિસનગરા નાગર પરિવારની રજતજયંતિ વર્ષ સુધી ગૌરવગાથા રજુ કરાઈ છે તથા તેને નિયમિત રીતે અપડેટ કરવામાં આવે છે.

સમગ્ર વેબસાઈટ અને ઈ ડીરેકટરી ડૉ. ભાવેશભાઈ પ્રમોદચંદ્ર મહેતા દ્વારા તૈયાર કરીને ખુલ્લી મુકવામાં આવેલ છે. વિશેષમાં આ વેબસાઈટનો તમામ ખર્ચ ડૉ. ભાવેશભાઈ પ્રમોદચંદ્ર મહેતા પરિવારે સ્વીકારેલ છે. આમ વિસનગરા નાગર પરિવાર ગાંધીનગર આઈ.ટી. યુગમાં સામેલ થયેલ છે.

ચિરવિદાય

- સ્વ. ઉમરાજી દેવી, ઉ.વ. ૭૭
- સ્વ. ઠાકોર મંગુબેન શંકરજી, ઉ.વ. ૭૦
- સ્વ. ઠાકોર ખોડાજી મોતીજી, ઉ.વ. ૮૩
- સ્વ. વણઝારા આત્મારામ મંગુભાઈ, ઉ.વ. ૪૭
- સ્વ. બાવરી ઉકાજી ભીમાજી, ઉ.વ. ૬૦